# કલેશ્વરી નાળનો ઈતિહાસ

ગૌતમ આર. ચૌહાણ
વ્યાખ્યાતા સહાયક,
ગવર્મેન્ટ આર્ટસ કોલેજ,શહેરા

## ૧. પ્રસ્તાવના

ગુજરાતની પ્રજાએ વિસારેલાં એવા પ્રાચીન સ્થાનો પૈકીનું એક નજરાનું સ્થાપત્ય, બેનમૂન નમૂનારૂપ ઐતિહાસિક, ધાર્મિક, પ્રાકૃતિક અને કલાધામ એટલે કલેશ્વરીનાળ. ગોધરાથી આશરે ૬૫ કિ.મી. અને લુણાવાડાથી આશરે ૨૨ કિ.મી.ના અંતરે ખાનપુર તાલુકાના બાબલીયા ગામથી પૂર્વ તરફ તાલુકા મથક બાકોર ગામના રસ્તે લવાણા નામના ગામની પાસે આવેલું આ શિલ્પ-સ્થાપત્ય પુરાતત્વવિદો તથા પ્રાકૃતિક સૌંદર્યને લીધે હવે સહેલાણીઓ માટે એક આકર્ષણનું કેન્દ્ર બનેલ છે.

કલેશ્વરીનાળ શબ્દને સમજીએ, પહેલાના સમયમાં આ સ્થળે જવા આવવા માટે બાકોરથી ત્રણ માઈલ દૂર વસ્નાના મુવાડા (ગાંધીઓના મુવાડા) થઈ ખેતરોમાંથી કાચા રસ્તે ડુંગરોની વચ્ચેથી જવાતું (હાલ આ રસ્તો બંધ થઈ ગયેલ છે) અહીં ગીચ જંગલ હતું. સ્ટેટ સમયમાં અને આઝાદી પછીના સમયમાં જંગલો કપાઈ જતા આ ગીચતા ઓછી થઈ ગઈ છે. પહેલા દિવસે સૂર્યના દર્શન દુર્લભ હતા. જંગલ, ઝાડીવાળી આ સુંદર જગ્યાએ ડુંગરો વચ્ચેના ભાગથી-નાળ (નાળીયું) ઉપરથી કલેશ્વરીનાળ તરીકે જાણીતું બન્યું હશે.[૧] ડુંગરોની હારમાળા ઉપર વિસ્મયતા જગાડે એવી શિલ્પકલાઓ અહીંના સ્થાપત્યમાં વિવિધ સ્વાંગ સજી મૂર્તિમંત સ્વરૂપમાં હયાત હોવાથી આ સ્થાનનું નામ કલેશ્વરી પડ્યું હશે. કલેશ્વરી શબ્દ અપભ્રંશ છે. તેની ઉત્પત્તિ કલાશ્રી અથવા કલહ + હરી (ક્લેશ, સંપાતનું હરણ કરનારી) એવી રીતે થઈ શકે છે. આંકડાશાસ્ત્ર પ્રમાણે જોઈએ તો, કળશી એટલે ૧૬ (સોળ), (કોડી એટલે વીસ) ની સંખ્યા પ્રમાણે કળશીમાતા ઉપરથી કલેશ્વરીમાતા પડ્યું હોય તેમ માની શકાય અને આ માતાના સ્થાનક મંદિરમાં સોળ થાંભલા હોય તે યોગ્ય લાગે છે.[૨]કલેશ્વરીનાળ સ્થળમાં છેક ૧૦મી સદીથી લઈને ૧૯મી સદી સુધીના શિલ્પ-સ્થાપત્ય આવેલા છે. જેમાં કુલ ૦૯ રાજ્ય રક્ષિત સ્મારકોનો સમાવેશ થાય છે. જેની આપણે વિસ્તારથી માહિતી જાણીશું.

## ૨. સ્મારકોનો

### *૨.૧ સાસુની વાવ*

ગુજરાતમાં વાવનું સ્થાપત્ય પ્રાચીન સમયથી જોવા મળે છે. આ વાવ સાસુની વાવ તરીકે ઓળખાય છે. જ્યારે તેનાથી થોડે દૂર એક અન્ય વાવ આવેલ છે. આ બંને વાવ એકબીજાની નજીક છે. વાવના નામ માટે કોઈ આધારભૂત પુરાવો ન મળવાથી લોકપ્રિય સામાજિક પાત્રો 'સાસુ વહુ' નામ વાવ માટે સુલભ બનેલું જણાય છે. વાવમાં ઉતરતા એક ગોખમાં લજ્જગૌરી-નંદિશ્વરનું શિલ્પ છે, જ્યારે તેની સામેના ગોખમાં શિલ્પ ખંડિત થયેલ છે. નીચે ઉતરતા વિશ્રામ સ્થળના એક ગોખમાં નવગ્રહ પટ્ટ છે. જ્યારે બીજામાં દશાવતાર પટ્ટ છે. વધારે નીચે ઉતરતા વિશ્રામ સ્થળના બંને ગોખમાંથી એકમાં નાગ પર સૂતેલા વિષ્ણુ તથા અન્યમાં વૈષ્ણવીની બે પ્રતિમાઓ સ્થિત છે.[૩]

### *૨.૨ વહુની વાવ*

વહુની વાવનું નિર્માણ સાસુની વાવ પછી થોડા સમયમાં જ થયું હશે તેમ જણાય છે. આ વાવ નંદા પ્રકારની અને પ્રમાણમાં સાદી છે. વાવના ગોખમાં દેવ પ્રતિમા, નાગ પર સૂતેલા વિષ્ણુ, જળ દેવતાના શિલ્પો જોવા મળે છે.

### *૨.૩ શિલાલેખવાળુ મંદિર*

શિલાલેખવાળા મંદિર તરીકે ઓળખાતું આ સ્મારક હાલમાં ફક્ત મંડપના સ્વરૂપમાં છે. આખા સચવાયેલા અને દસ અડધા સ્તંભો પર ટેકવેલ સમતલ મંડપ સાદો છે. તેની દિવાલમાં પાછળથી બનાવેલ ગોખમાં નટરાજની પ્રતિમા છે. જેને લોકો કલેશ્વરી માતા તરીકે પૂજે છે. આ મંડપના એક સ્તંભ પર લુણાવાડના યુવરાજે (સંભવતઃ માલો રાણો) ઈ.સ. ૧૫૪૯માં જિર્ણોદ્ધાર કરાવ્યાનો ઉલ્લેખ છે. લેખ ઘસાયેલો હોય સ્પષ્ટ માહિતી મળી શકતી નથી.[૪]

### *૨.૪ પ્રાચીન મંદિર*

શિલાલેખવાળા મંદિરની સામે આ મંદિર સ્થાનિક ઘુમ્મટવાળા મંદિર તરીકે ઓળખાય છે. આ મંદિર પ્રાચીન મંદિર કે જે નષ્ટ થઈ ગયું તેની જગ્યાએ ઉભુ કરવામાં આવ્યું છે. નષ્ટ થયેલા મંદિરના ભગ્નાવશેષો આ વિસ્તારના પ્રાચીનતમ અવશેષો હોય તેમ જણાય છે.

સંભવતઃ આ મંદિર ૧૦મી સદી કે તે પહેલાનું હોય શકે. જે મંદિર હાલમાં ઉભુ છે તે અર્વાચીન છે. પરંતુ તેની દિવાલમાં જડવામાં આવેલા શિલ્પો પ્રાચીન છે. આ મંદિર લુણાવાડાના રાજવી વખતસિંહે બંધાવ્યુ હશે તેમ જણાય છે.

### ૨.૫ કુંડ

જળસંગ્રહના અલગ સ્થાપત્ય પ્રકારોમાં કુડ પ્રાચીન સમયથી જાણીતો છે. આ કુંડ લગભગ સમચોરસ છે. કુંડના સ્થાપત્યનો હેતુ એક સાથે ઘણા લોકો પાણીનો ઉપયોગ કરી શકે તેમ હોય તેથી તેની ચારેય બાજુએથી પાણી સુધી પહોંચવા વિશિષ્ટ સોપાન શ્રેણીની રચના કરવામાં આવેલ છે. કુંડની પાળના મધ્ય ભાગે તથા પગથિયાની બાજુમાં દેવશિલ્પો માટે ગોખ કરવામાં આવેલ છે. કુંડના ગોખમાં નાગ પર સૂતેલા વિષ્ણુ અને શિવના શિલ્પો છે. કુંડમાં આવતુ પાણી ગળાઈને આવે તે માટે ગળણીની પણ સુવિધા કરવામાં આવી છે.

### ૨.૬ શિકારમઢી

શિકારમઢી સ્થાપત્ય એ બીજા સ્થાપત્યની સરખામણીએ અર્વાચીન જણાય છે. લુણાવાડાના રાજવી આ સ્થળે ગાઢ જંગલ હોવાથી શિકાર માટે આવતા. અહીં પડેલ પ્રાચીન ભગ્નાવશેષોનો ઉપયોગ કરી રાત્રી રોકાણ માટે વખતસિંહે બંગલો બનાવ્યો જે શિકારમઢી તરીકે જાણીતો છે. આ સ્મારકનું સ્થાપત્ય તરીકે કોઈ મૂલ્ય નથી. તેમાં જડવામાં આવેલા શિલ્પો બેનમૂન છે. આ શિલ્પો ભગ્ન થયેલા દેવાલયોના ભાગ છે. શિલ્પમાં નૃત્યગણેશ, મહિષમર્દિની, વિષ્ણુ, ચામુંડા, વારાહી, દર્પણકન્યા તથા કામશિલ્પો એક સિધ્ધહસ્ત શિલ્પીનો પરિચય આપે છે.

### ૨.૭ ભીમચોરી

ટેકરી પર આવેલું આ સ્મારક સૌથી વધારે નુકસાન પામેલું છે. સમગ્ર ભારતમાં પાંડવોના નામ સાથે કોઈને કોઈ સ્થળ જોડી દેવાની પરંપરા જોવા મળે છે. તે મુજબ આ શિવાલયને ભીમચોરી નામ આપવામાં આવેલ છે. સ્થાપત્યની શૈલીને જોતા આ મંદિરનો નિર્માણકાળ ચૌદમી કે પંદરમી સદીનો ગણી શકાય.

### ૨.૮ અર્જુન ચોરી

ભીમચોરીની ઉત્તરે ફક્ત ગર્ભગૃહ અને દ્વારશાખના કેટલાક અંગોવાળુ આ સ્મારક અર્જુનચોરી તરીકે ઓળખાય છે. અલંકૃત દ્વારશાખ મંદિરની બેનમૂન શિલ્પકલાનો પરિચય કરાવે છે.

### ૨.૯ પ્રવેશદ્વારવાળુ મંદિર

આ સ્થાપત્યનો ફક્ત નીચેનો ભાગ-તળિયું હાલમાં જોવા મળે છે. જેથી આપણે સ્થાપત્યના પ્રકાર વિશે સ્પષ્ટ તારણ કાઢી શકતા નથી. સ્થાપત્યના મધ્ય ભાગમાં સામાન્ય કરતા મોટા પગના અવશેષો જોવા મળે છે. લોકોમાં આ પગલા વિશે લોકવાયકાઓ પ્રચલીત છે. કેટલાક લોકો તેને ભીમના પગલા તરીકે તો કેટલાક હિડિંબાના પગ તરીકે ઓળખાવે છે.[૫]

## ૩. કલેશ્વરીનાળમાં ભરાતો શિવરાત્રીનો લોકમેળો

લોક શબ્દના વિવિધ અર્થો છે જેમ કે ભૂવન, જગત, જન, પ્રજા, મનુષ્ય, પૃથ્વી, સમૂહ વગેરે લોક સંસ્કૃતિ, લોક સાહિત્ય વગેરેમાં વિશેષણ તરીકે વપરાયેલ 'લોક' શબ્દની ઉત્પત્તિ અનુસાર લોક શબ્દ સંસ્કૃતના લોક દર્શન ધાતુ પ્રત્યય કરવાથી થયો છે. તેનો અર્થ જોવું એવો થાય છે. એટલે કે લોક શબ્દનો અર્થ જોવાવાળો થાય. લોક શબ્દની પ્રાચીનતા તપાસીએ તો ઋગ્વેદમાં લોક શબ્દ સાધારણ જનતાના અર્થમાં અનેક સ્થળે પ્રયોજાયો છે.[૭] ઉપનિષદમાં ઉલ્લેખ મળે છે કે આ લોકો અનેક પ્રકારે ફેલાયેલા છે. દરેક વસ્તુમાં તે વ્યાપ્ત છે. મહાવૈયાકરણી પાણિનીએ તેમના અષ્ટાધ્યાયીમાં લોક અને સર્વલોક શબ્દનો ઉલ્લેખ કર્યો છે.[૮] સરળ રીતે કહું તો લોક એટલે જનતા, જનસમુહ, જનતાનો પેટાવર્ગ કે વ્યક્તિનો સમૂહ[૯] ઉજળિયાત સિવાયની કાંટિયાવર્ગની ગામડામાં રહેતી પ્રજાને લોક સાથે લેવાદેવા છે. એ જ રીતે લોકનો અર્થ આદીમ જાતિઓ એવો પણ છે. બદલાતા સમયની અસરોથી મુક્ત રહી પારંપરિક અર્થાત્ પ્રણાલિકાગત જીવન જીવતા માનવસમૂહ માટે લોક શબ્દ રુઢ બન્યો છે. વળી લોક શબ્દમાં સંસ્કૃતિનો અધ્યાય જણાય છે. જો કે મહત્વની વાત એ છે કે બદલાતા સમયની વ્યાપક અસર જેટલી શહેરમાં થાય છે, તેટલી ગામડાની પ્રજા માટે લોક શબ્દ વધારે વપરાતો જોવા મળે છે. સામાન્ય રીતે મેળાનો અર્થ ભત્રા, તરમાશો, ખેલ, મેળાપ, મુલાકાત, સમાગમ થાય છે. ભગવદ્ગોમંડલમાં મેળો એટલે અંત ઘડીએ છેલ્લો મેળાપ થવો તે, કોઈ ઉત્સવની ઉજવણી નિમિત્તે ગમ્મત કરવાને ભેગા થયેલા લોકો ઘણી જનમેદનીનું એકઠું થવું તે.[૧૦]

મેળો એટલે હળવું મળવું પરંપરાગત રીતરિવાજ મુજબ નિયત કરેલા સ્થળે અને સમયે મળવું.[૧૧] માનવી સમૂહમાં હળે-મળે તે સમુદાયને સંસ્કૃતમાં *मैलाक* કહેવાય છે. અમરકોષ ઋક્શ્ઉૅક્ક્જૅં ના સંગ અને સંગમ એવા બે અર્થો આપે છે.[૧૨] મેળામાં પણ

માણસોની પરસ્પર સંગ થાય છે. તેમજ સંગમ પણ થાય છે. એટલે એ ઉપરથી *મેલાક* શબ્દ અને તેના પરથી મેળો શબ્દ આવ્યો હોય ગુજરાતી સાર્થજોડણીકોષ પ્રમાણે સંસ્કૃતમાં *'મેલાક'* એ પ્રાકૃતમાં 'મલય' હિન્દી, મરાઠીમાં *મેલા* થાય છે.[13] આપણે એવી સંભાવના કરી શકીએ કે ગુજરાતમાં મેળો શબ્દ કદાચ melk mell ઉપરથી આવ્યો હોય અને એનું અમરકોશાદિમાં સંસ્કૃતિકરણ થયું હોય મેળાનું અંગ્રેજી Fair, લેટિન Foire એ Foriae શબ્દમાંથી બન્યો છે. એનો અર્થ Holiday - પર્વ દિવસ થાય છે. મેળાનો ઉત્સવ ઘણો પ્રાચીન છે. તેના અસંખ્ય પુરાવા પ્રાચીન ગ્રંથોમાંથી પ્રાપ્ત થાય છે. દરેક મેળાની સાથે તેના મહાત્મ અને એ સ્થળની પ્રાચીનતાનો ઈતિહાસ આપણને સંકળાયેલો જોવા મળે છે. કલેશ્વરી લોકમેળાને જોઈએ, આદિવાસી અને વિચરતી, વિમુક્ત જાતિના, પિડિત શોષિત અને સામાજિક રીતે પછાત એવા સમુદાયની કલા, આર્થિક સધ્ધરતા મળે એ માટે, કલા અને જીવન ધોરણને ઉંચું લાવવા માટે અને લુપ્ત થતા કલા વારસાને ટકાવી રાખવા ગણેશ દેવી, સુરેખા દેવી, કાનજી પટેલ આ બધાના વિચારના બીજરૂપે મેળાનું સર્જન થયું. જેમાં કેટલાય કાર્યકરો જોડાયા અને મેળો આજે સ્વયંભૂ બન્યો છે. ૧૪ ફેબ્રુઆરી ૧૯૯૮ થી કલેશ્વરી સ્થળે પહેલ વહેલો વિચરતી વિમુક્ત જનજાતિઓનો કલામેળો થયો હતો. આ મેળામાં ભવાઈ, આદિવાસીઓના લોકનૃત્યો, નટ, દોરડાનો ખેલ, મદારી, સલાટ, વણઝારા ભાઈ બહેનોની કલા રજૂ થાય છે. આ મેળામાં ગુજરાતના કવિઓ, લેખકો, નાટ્યકારો પોતાની કલાકૃતિઓ રજૂ કરે છે. આ મેળામાં વિદેશમાંથી સહેલાણીઓ આવે છે.

**૪. કલેશ્વરીનાળના પ્રાચીન ધામને વિકસાવવાના પ્રયત્નો**

પૂર્વ કલેક્ટર શ્રીમતી જયંતી રવિએ આ પ્રાચીન ધામને પ્રવાસધામ તરીકે વિકસાવવા સક્રીય પ્રયત્નો હાથ ધર્યા હતા. ૨.૪૨ લાખ ગ્રાન્ટની સૌ પ્રથમ જોગવાઈ તેમના પ્રયત્નોનું પરિણામ છે. પીવાનું પાણી, શૌચાલયની સુવિધા, વીજળી, પાકા રસ્તાની સગવડનું આયોજન જિલ્લાકક્ષાએ જુદા જુદા ખાતાઓની કચેરીઓ તથા પ્રવાસન અને પુરાતત્વ વિભાગના અધિકારીઓ સાથે બેઠકો યોજી ચર્ચા-વિચારણા કરી નક્કર અને ફળદાયી આયોજનના શ્રીગણેશ તેમણે જ કર્યા હતા. આ વિસ્તારના રક્ષણ અર્થે રાજ્ય પુરાતત્વ વિભાગ દ્વારા વાયર ફેન્સીંગ તથા કલેશ્વરીધામને વધુ રળિયામણું બનાવવા માટે ગુજરાત રાજ્ય પ્રવાસન નિગમ તરફથી લેન્ડસ્કેપીંગ અને આકર્ષક પ્રવેશદ્વાર તથા સિમેન્ટના રસ્તાનું નિર્માણ તેમજ વન વિભાગ દ્વારા એક ડેમ અને વૃક્ષારોપણ વગેરે કાર્યોનું નિર્માણ હાથ ધરવામાં આવ્યું છે. સામાજિક વનીકરણ વિભાગ ગોધરા દ્વારા ૭.૫૦ લાખના ખર્ચે બે ચેક ડેમ બનાવ્યા છે. પંચમહાલ ડેરી તરફથી અહીં બોરવેલ બનાવી અંડરગ્રાઉન્ડ વોટર ટેન્ક બનાવવા માટેની તત્પરતા દર્શાવેલી જે પૂર્ણ કરેલ છે. વન અને પ્રવાસન વિભાગ દ્વારા યાત્રિકોને બેસવા માટે બાકડા મૂકવા માટેનું આયોજન શ્રીમતી જયંતિ રવિએ કરાવ્યું હતું. પૂર્વ પ્રવાસનમંત્રી શ્રીમતી ઉર્વષિ દેવીએ આ ધામના વિકાસ માટે અંગત રસ લીધો હતો. અને છેલ્લે આપણે કહી શકીએ કે, જેના ઉપયોગથી એશોઆરામ જન્મે છે તે કલા કલા નથી, પરંતુ જે આત્માને પરમાનંદમાં લીન કરે છે તે કલા સાચી કલા છે. ગુજરાતનો આ ગૌરવપૂર્ણ સ્થાપત્યકિય વારસો ભૂતકાળની ગર્તામાં વિલીન થઈ જાય અને તે ભાવી પેઢી માટે ઈતિહાસની એક વાત બની રહે તેમ હોય તેની જાળવણી અને સુરક્ષા તથા તેના અભ્યાસ સંશોધનને લગતા આવા મહદ્ કાર્યોમાં પ્રજાનો સહકાર એટલો જ જરૂરી છે. આ પુરાતત્વ એ લોકશિક્ષણનું એક માધ્યમ બની રહે તે જરૂરી છે.

**સંદર્ભસૂચિ**


૧. અસ્તિત્વનો ઉત્સવ, સુવર્ણ જયંતિ મહોત્સવ (૧૯૫૫-૨૦૦૫), શ્રી કે.એચ.દોશી હાઈસ્કુલ, બાકોર, પૃ. ૧૩૭.
૨. એજન.
૩. રુબરુ મુલાકાત, તારીખ ૧૦/૦૩/૦૧૩.
૪. નિયામક, પુરાતત્વ ખાતુ, ગુજરાત રાજ્ય.
૫. રુબરુ વ્યક્તિ મુલાકાત, વિનુ બામણીયા અને ડૉ. રાજેશ વણકર, તારીખ ૧૦/૦૩/૨૦૧૩.
૬. ઉપાધ્યાય કૃષ્ણદેવ, લોક સાહિત્યની ભૂમિકા, સાહિત્ય ભવન, પ્રાઈવેટ લિમિટેડ, અલ્હાબાદ, પૃ. ૧૦.
૭. ડાભી પ્રેમચંદ, જનજાતીય લોકસાહિત્ય, અંકુર પ્રકાશન, ઉદેપુર, ૨૦૦૭, પૃ. ૪૩.
૮. ઉપાધ્યાય, ઉપર્યુક્ત, પૃ. ૧૧.
૯. સત્યેન્દ્ર, લોક સાહિત્ય વિજ્ઞાન, પારેવાલ પ્રિન્ટીંગ પ્રેસ, આગરા, ૧૯૭૧, પૃ. ૦૩.
૧૦. ભગવદ્ ગોમંડલ ભાગ-૨, પ્રવિણ પ્રકાશન, રાજકોટ, ૧૯૮૬, પૃ. ૦૧.
૧૧. એજન.
૧૨. રશ્મિ, હર્ષદ રાય ઓઝા, પથિક, સપ્ટેમ્બર ૧૯૯૯, પૃ. ૧૧.
૧૩. ગુજરાતી સાર્થ જોડણીકોષ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૧૯૫૫, પૃ. ૬૭૯.